સુરત પોલીસના ઇકોનોમિક સેલમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ

ECO સેલમાં JCPની સર્જિકલ સ્ટ્રાઇક

ACP-PIની ઓફિસમાં આવનારાઓની PSI કરશે ફોટોગ્રાફી

વાઘેલાની તપાસથી રોકડિયા અધિકારીઓમાં ફફડાટ

સુરતઃ જેના માટે સુરતના વેપારીઓ વર્ષોથી માંગ કરી રહ્યાં હતા તે 'ઇકોનોમિક સેલ' જ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયો છે. સુરત શહેરમાં દર મહિને અંદાજે અઢીથી ત્રણ હજાર કરોડ રૂપિયાની આર્થિક છેતરપિંડીઓની ફરિયાદો નોંધાતી હોય છે, તેવા સંવેદનશીલ વિભાગમાં ચાલતી ગેરરીતિઓની ફરિયાદો ઉચ્ચ સ્તરે પહોંચતાં આખરે જોઈન્ટ સીપી કરણસિંહ વાઘેલાએ સીધો હસ્તક્ષેપ કરીને સમગ્ર વિભાગનો હવાલો પોતાના હસ્તક ખેંચી લીધો છે.

જોઈન્ટ સીપીએ આદેશ કરીને મલાઈ ખાતા અધિકારીઓના પગ નીચેથી જમીન સરકાવી દીધી છે. એસીપી ઓફિસ અને પીઆઈ ઓફિસમાં રોજેરોજ કોણ આવે છે, કેટલા લોકો આવે છે અને કયા મળતિયાઓ ત્યાં આંટાફેરા મારે છે, તેની બાકાયદા ફોટોગ્રાફી કરવાનો આદેશ પીએસઆઈ સ્તરના અધિકારીઓને આપવામાં આવ્યો છે. જોઈન્ટ સીપી કરણસિંહ વાઘેલાએ કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, કોઈપણ લેભાગુ તત્ત્વો સાથે સાઠગાંઠ જણાશે તો જે-તે પોલીસ અધિકારીઓને તાત્કાલિક અસરથી ઘરભેગા કરી દેવામાં આવશે.

આ આખા પ્રકરણમાં સૌથી ચોંકાવનારો ઘટસ્ફોટ રાજકીય અને ખાખી ગઠબંધનનો થયો છે. રાજ્યમાં ભાજપની સરકાર હોવા છતાં સુરતના ઇકોનોમિક સેલ પર છેલ્લા એક વર્ષથી આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા એક આગેવાનનો મોટો પ્રભાવ હોવાની વિગતો ચર્ચામાં આવી છે. આ આગેવાન ચોક્કસ પોલીસ અધિકારીઓ સાથે અત્યંત નિકટતા ધરાવતા હોવાના કારણે ફરિયાદીઓ પર તેમના થકી જ વ્યવહાર કરવા માટે દબાણ કરવામાં આવતું હતું.

અરજી મોકલવાના ૧ લાખ, કરોડોના ઉઠમણામાં ૨.પથી ૫ લાખની કટકી!

સુરત ઇકોનોમિક સેલના ભ્રષ્ટાચારના 'રેટ કાર્ડ'નો પર્દાફાશ

સુરતઃ સુરત શહેર પોલીસના ઇકોનોમિક સેલમાં ચાલી રહેલા કરોડોના તોડબાજીના ખેલમાં હવે ચોંકાવનારા 'રેટ કાર્ડ'નો પર્દાફાશ થયો છે. ઇકોનોમિક સેલમાં આવતી અરજીઓને સંબંધિત સ્થાનિક પોલીસ મથકે તપાસ માટે મોકલવી હોય તો પણ તેનો કાયદેસર 'ભાવ' બોલાતો હતો. માત્ર અરજીને આગળ ધકેલવા માટે ફરિયાદીઓ કે પક્ષકારો પાસેથી રૂ. ૫૦ હજારથી લઈને રૂ. ૧ લાખ સુધીની રોકડ રકમ ખંખેરી લેવાતી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સામાન્ય અરજદાર પોતાની પરસેવાની કમાણી પાછી મેળવવા ધક્કા ખાતો રહે અને અહીં સાહેબો અને વહીવટદારો અરજીના કાગળિયાં સરકાવવાના પણ લાખો રૂપિયા વસૂલતા હતા. ટેક્સટાઇલ અને ડાયમંડ સિટીમાં દર મહિને કરોડોનાં ઉઠમણાં અને આર્થિક છેતરપિંડીઓ સામાન્ય બની ગઈ છે, પરંતુ ઇકોનોમિક સેલના ભ્રષ્ટ બાબુઓ માટે આ આપત્તિ કમાણીની 'તક' બની ગઈ હતી. ગંભીર આક્ષેપો મુજબ રૂ. ૧ કરોડનાં ઉઠમણાં કે છેતરપિંડીના કેસ દીઠ રૂ. ૨.પથી રૂ. ૫ લાખ રૂપિયાનું સીધું કમિશન ઉઘરાવવામાં આવતું હતું. જો આ રકમ ન ચૂકવાય તો તપાસને અભેરાઈએ ચડાવી દેવાતી અથવા આરોપીઓને છાવરવાના ખેલ ખેલાતા હતા.

'આપ'ના આગેવાનના ટેબલ પરથી પસાર થતી અરજીઓ!

આ સમગ્ર કાળો કારોબાર ચલાવવામાં 'આપ'ના એક વગદાર આગેવાનની ભૂમિકા વધુ શંકાના દાયરામાં આવી છે. ચર્ચા તો ત્યાં સુધી છે કે ઇકોનોમિક સેલમાં આવતી મહત્ત્વની અરજીઓ સીધી આ આગેવાન પાસે પહોંચતી હતી. અરજી પર કાર્યવાહી કરવી કે સમાધાનના નામે સેટિંગ કરવું, તેનો આખો દોરીસંચાર આ આગેવાન અને મળતિયા અધિકારીઓની મિલીભગતથી જ નક્કી થતો હતો.

સિન્ડિકેટ તૂટતાં વકીલ આલમમાં રાહત, જોકે વિવાદિત વકીલોની એન્ટ્રી બંધ

ઇકોનોમિક સેલમાં કોઇપણ પ્રમાણિક વકીલ પોતાના અસીલને લઈને તપાસ માટે જાય ત્યારે ચોક્કસ વકીલ મારફતે જ આવવા માટે દબાણ કરવામાં આવતું હતું. અહીં માત્ર ૪થી ૫ વિવાદિત વકીલોની જ મોનોપોલી ચાલતી હતી, જ્યારે અન્ય વકીલોને પ્રવેશ સુધ્ધાં અપાતો નહોતો. જોકે, ગૃહમંત્રી હર્ષ સંઘવીના કડક નિર્દેશ અને પોલીસ કમિશનર તથા જોઇન્ટ સીપી દ્વારા શરૂ કરાયેલી કાર્યવાહીના પગલે આ વિવાદિત વકીલોની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી છે, જેનાથી સમગ્ર વકીલ આલમમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

નવી સિવિલમાં એક વર્ષથી ધૂળ ખાતું કેથલેબ મશીન, દર્દીઓ ભારે પરેશાન

યુ.એન. મહેતાની ચાર માળની જગ્યાની માંગણી મુદ્દે સુવિધા શરૂ કરવામાં વિલંબ થયાની ચર્ચા

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં હૃદયરોગના દર્દીઓને અદ્યતન સારવાર મળી રહે તે હેતુથી કિડની બિલ્ડિંગના ચોથા માળે મૂકવામાં આવેલું કેથલેબ મશીન છેલ્લા એક વર્ષથી ધૂળ ખાઈ રહ્યું છે. હૃદયરોગના દર્દીઓ માટે મહત્ત્વપૂર્ણ ગણાતી આ સુવિધાયુએન મહેતા હોસ્પિટલની નિષ્કાળજીને કારણે શરૂથઈ શકી નથી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નવી સિવિલ હોસ્પિટલના કિડની બિલ્ડિંગમાં હૃદયરોગ સંબંધિત સારવાર શરૂ કરવાની વિચારણા કરવામાં આવી હતી. આ વિભાગની જવાબદારી અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ માટે કિડની બિલ્ડિંગના ચોથા માળે કેથલેબ મશીન પણ મૂકવામાં આવ્યું છે. જોકે, મશીનની સ્થાપના થયા બાદ પણ તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો નથી. આ સુવિધા શરૂ કરવા માટે યુ.એન. મહેતા હોસ્પિટલ દ્વારા ચાર માળની જગ્યાની માંગણી કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસે આટલી જગ્યા ઉપલબ્ધ ન હોવાથી માંગણી પૂર્ણ થઈ શકી નથી. જગ્યા અંગેની આ બાબતને કારણે હૃદયરોગની સારવારની સુવિધા શરૂ કરવામાં વિલંબ થઈ રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

બિટકોઈન કૌભાંડનો આરોપી દિવ્યેશ દરજી જેલમાં ધકેલાયો

10 વર્ષ પહેલા ખરીદેલા 20,000 બિટકોઇનની હાલની કિંમત અને માલિકી અંગે EDની તપાસ

ઇલેક્ટ્રોમ વોલેટ અને ત્રણ લેસર ડિવાઇસ ઇડીને મળ્યાં નહીં

સુરતઃ ક્રિપ્ટોકરન્સી કૌભાંડના આરોપી દિવ્યેશ ધનસુખલાલ દરજી ઉર્ફે નાગરનાં રિમાન્ડ પૂરા થતાં દરજીને બુધવારે EDએ જ્યુડિશિયલ કસ્ટડીમાં લાજપોર જેલ મોકલી આપવામાં આવ્યો છે.

સુરત ED યુનિટના ડેપ્યુટી ડિરેક્ટર વિકાસ કુમાર અને અમદાવાદ EDના આસિસ્ટન્ટ ડિરેક્ટર નીરજ રાયની ટીમને આશંકા છે કે દિવ્યેશે અગાઉ ખરીદેલા આશરે 20,000 બિટકોઇનની માલિકી અને હાલની સ્થિતિ અંગે મહત્ત્વની કડીઓ હજુ બહાર આવી નથી. આ બિટકોઇન ક્યાં છે, તેની વર્તમાન કિંમત કેટલી થાય છે અને તેની પાછળની મૂડી કોની હતી, તે દિશામાં તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ સુરત અને અમદાવાદ EDની ટીમોએ અડાજણ, નાનપુરા, અલથાણ, ઘોડદોડ રોડ, સણિયા હેમાદ અને પાલ સ્ટારમોલ પાછળના વિસ્તારોમાં આવેલા ફ્લેટ તથા બંગલાઓમાં પહોંચી 4 દિવસ તપાસ કરી હતી. આ તપાસનો એક મુખ્ય હેતુ દિવ્યેશ સાથે જોડાયેલા ઈલેક્ટ્રોમ વોલેટ અને ક્રિપ્ટોકરન્સીની ચાવીઓ શોધવાનો હોવાનું મનાય છે. EDનાં સૂત્રોના જણાવ્યા મુજબ બિટકોઇનના વેપારમાં પ્રવેશવા દિવ્યેશ દરજીએ ચીન, અમેરિકા અને દુબઈ સુધી નેટવર્ક ધરાવતા પુનીવાલાનો સંપર્ક કર્યો હતો. પુનીવાલાએ અમેરિકાથી બિટકોઇન વોલેટ મંગાવી પેનડ્રાઇવ જેવા ત્રણ લેજર ડિવાઇસ આપ્યાં હોવાની માહિતી છે. આ ડિવાઇસમાં રહેલી ડિજિટલ સંપત્તિ સુધી પહોંચવા ED પ્રયાસ કરી રહી છે.

મીડિયા પાર્ટનર તરીકે 'ગુજરાતમિત્ર' સાથે

સુરત ગ્લોબલ શેપર્સ દ્વારા પ્રથમ 'સુરત યુથ લીડરશિપ ફોરમ'નું આયોજન

સુરતઃ સુરત ગ્લોબલ શેપર્સ દ્વારા મીડિયા પાર્ટનર 'ગુજરાતમિત્ર' સાથે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે પ્રથમ 'સુરત યુથ લીડરશિપ ફોરમ 2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 200થી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પાર્થ પટેલ, આસિ. ડિરેક્ટર (સુરત), DOET, ગુજરાત સરકાર ઉપસ્થિત રહ્યાં હતાં. ગ્લોબલ શેપર્સ કમ્યુનિટીનાં વેસ્ટ ઇન્ડિયા કમ્યુનિટી ચેમ્પિયન શુભાંગી નાગરિયા તથા કોલ્હાપુર અને નાગપુર હબના ક્યુરેટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા.પેનલમાં આર્કિટેક્ટ સરોશ વાડિયા, કો-ફાઉન્ડર (Azmi | Sarosh Wadia Architects); આકાશ બંસલ, ફાઉન્ડર, પ્રોજેક્ટ સુરત, ઉમેશ ગજેરા, કો-ફાઉન્ડર, આલ્પિનો હેલ્થ ફૂડ્સ, શુભાંગી નાગરિયા, વેસ્ટ ઇન્ડિયા કમ્યુનિટી ચેમ્પિયન, ગ્લોબલ શેપર્સ કોમ્યુનિટી, યુવરાજ પોખરણા, શિક્ષણવિદ્ અને કટારલેખક; તેમજ નિરવ ધાનાણી , કો-ફાઉન્ડર અને મેનેજિંગ ડિરેક્ટર, Heaven Green Energy જોડાયા હતા.

PF કપાતના વિરોધમાં લક્ષ્મીપતિ ગારમેન્ટના 300 કામદારોનો દેખાવ

બે-ત્રણ કલાકની હડતાળ બાદ પોલીસની સમજાવટથી મામલો થાળે પડ્યો

સુરતઃ સચિન GIDCના ગેટ નંબર-2 નજીક આવેલી લક્ષ્મીપતિ ગારમેન્ટ કંપનીમાં પ્રોવિડન્ટ ફંડ (PF)ની કપાતના મુદ્દે વિવાદ સર્જાયો હતો. PFના નવા નિયમો અને પગારના સ્લેબ મુજબ કર્મચારીઓના પગારમાંથી કપાત થવાની જાણ થતાં આશરે 300 જેટલા કામદારોએ કંપની બહાર એકત્ર થઈ દેખાવો યોજ્યા હતા. કામદારોએ તેમના પગારમાંથી PFનો હિસ્સો કાપવાનો વિરોધ કરી પગાર યથાવત રાખવાની અને PFની સંપૂર્ણ રકમ કંપની દ્વારા જમા કરાવવાની માંગણી કરી હતી.

લક્ષ્મીપતિ ગ્રુપના માલિક સંજય સરાવગીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા PFની મર્યાદા વધારીને રૂ.25,000 કરવામાં આવી હોવાના આધારે કંપનીનો એકાઉન્ટ વિભાગ કર્મચારીઓના પગાર પ્રમાણે PFની ગણતરી કરી રહ્યો હતો.

કર્મચારીઓના પગારમાંથી તેમના હિસ્સાની PFની રકમ કાપવામાં ન આવે અને કંપની જ સંપૂર્ણ ફાળો ભરે તેવી કામદારોની માંગણી હતી. કંપનીએ કર્મચારીઓ અને માલિકના લાગુ પડતા હિસ્સા મુજબ PFની રકમ જમા કરાવવાની સમજ આપી હતી, પરંતુ કામદારો પોતાના પગારમાંથી કપાત કરવા તૈયાર ન થતાં વિવાદ વકર્યો હતો.

સરાવગીના જણાવ્યા અનુસાર, કેટલાક કામદારો PFની કપાત બંધ કરી રોકડમાં પગાર ચૂકવવાની માંગણી કરી રહ્યા હતા. ડિફેન્સ, DRDO અને વિદેશી કંપનીઓ સાથેના કામકાજને કારણે લાગુ પડતા નિયમોનું પાલન કરવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. કામદારોને ઉશ્કેરવામાં આવ્યા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળે પહોંચી હતી અને કામદારોને PF કપાત અંગે સમજાવ્યા હતા. ત્યારબાદ મામલો થાળે પડતાં કામદારો ફરી કામે જોડાયા હતા. કંપનીએ ઘટનાની જાણ પોલીસ અને અન્ય સરકારી વિભાગોને પણ કરી હોવાનું સંજય સરાવગીએ જણાવ્યું હતું.

જીમના નવા મશીન અપાવવાના નામે રૂ.7.14 લાખની ઠગાઈ

સુરતઃ પાલના ગૌરવ પથ રોડ પર રહેતા જીમ ટ્રેનર મોનિકાબેન ઠાકોરભાઈ નાયક (ઉ.વ.૪૬) ભાગીદાર આનંદ સૂર્યવંશી સાથે અડાજણ ખાતે ભાડેથી જીમ ચલાવે છે. જીમમાં અગાઉ મશીન સર્વિસ માટે આવતા અલ્તાફ ખાને ઓળખાણ ઘુલિયા ખાતે આવેલ 'પેસ્ટિયમ જીમ ઇક્વિ.' સાથે હોવાનું કહી સસ્તા ભાવે નવા મશીનો અપાવવાની વાત કરતાં રૂ.૭,૧૪,૦૦૦ ચૂકવી દીધા હતા. અલ્તાફે રૂ. ૫ લાખનો અધૂરો માલ મોકલી આપ્યો હતો, જ્યારે રૂ.૨ લાખનો સામાન બાકી રાખ્યો હતો. જે અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

મીઠી ખાડીમાં 13 કિ.મી.સુધી ડ્રેજિંગ કરાશે

ખાડીપૂરને રોકવા ગાંધીનગર ખાતે નાણામંત્રીની અધ્યક્ષતામાં મળેલી મિટિંગમાં સરવે એજન્સી દ્વારા પ્રેઝન્ટેશન કરાયું

22 કરોડના ખર્ચે ડ્રેજિંગથી ખાડી ત્રણથી ચાર ફૂટ ઊંડી થશે

સુરતઃ આ ચોમાસામાં ત્રણ-ત્રણ વખત ખાડીપૂરનાં પાણી શહેરમાં ફરી વળતાં સુરતને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ખાડીપૂરના કાયમી નિવારણ માટે હવે રાજ્ય સરકારે 500 કરોડથી વધુની ગ્રાન્ટ મંજૂર કરી માસ્ટર પ્લાનની દિશામાં કામગીરી શરૂ કરી છે. આ અંગે દર અઠવાડિયે ઉચ્ચસ્તરીય બેઠકો યોજાઈ રહી છે. તેના ભાગરૂપે બુધવારે ગાંધીનગર ખાતે નાણામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી, જેમાં સિંચાઈ મંત્રી ઈશ્વર પટેલ સહિત સંબંધિત વિભાગો અને એજન્સીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં એજન્સીઓએ પ્રેઝન્ટેશન રજૂ કરી ખાડીપૂરના કાયમી ઉકેલ માટેનાં સૂચિત પગલાં રજૂ કર્યાં હતાં.

આ બેઠકમાં પ્રાથમિક તબક્કે મીઠી ખાડીમાં થયેલા મેથેમેટિકલ સરવેને આધારે આશરે 22 કરોડના ખર્ચે 13 કિલોમીટર વિસ્તારમાં ત્રણથી ચાર ફૂટ સુધી ડ્રેજિંગ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત મીઠી ખાડી અને ભેદવાડ ખાડીના જે વિસ્તારોમાં ખાડીનો પ્રવાહ સાંકડો થયો છે ત્યાં દબાણો દૂર કરવાની પણ યોજના બનાવવામાં આવશે. બેઠકમાં ખાડી વિસ્તારને લાગુ પડતા સુરતના ધારાસભ્યો પ્રફુલ પાનસેરીયા, કુમાર કાનાણી, પ્રવીણ ઘોઘારી અને સંગીતા પાટીલ ઉપરાંત વિનોદ મોરડિયા, મેયર માયાબેન માવાણી, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ અને શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ સહિતના આગેવાનો તેમજ સિંચાઈ વિભાગના અધિકારીઓ અને મનપા કમિશનર રાજકુમાર બેનીવાલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. 500 કરોડથી વધુના ખર્ચે તૈયાર થનારા માસ્ટર પ્લાનમાં ડ્રેજિંગ, ખાડીના પ્રવાહને અવરોધતાં દબાણો દૂર કરવા અને સાંકડા વિસ્તારોને ખુલ્લા કરવાની કામગીરી મહત્ત્વની બની રહેશે. હવે આ આયોજન કાગળ પરથી સ્થળ પર કેટલું ઝડપથી ઊતરે છે અને આગામી ચોમાસા પહેલાં કેટલું કામ પૂર્ણ થાય છે તેના પર શહેરના ખાડીપૂરગ્રસ્ત વિસ્તારોના હજારો પરિવારોની નજર રહેશે.

રવિવારે સિંચાઈ મંત્રી અને ધારાસભ્યો, મેયર ખાડી વિસ્તારનો રાઉન્ડ લેશે

ખાડીપૂરના કાયમી નિવારણ માટે માત્ર બેઠકો પૂરતી ન રહે, પરંતુ સ્થળ પરની સ્થિતિનો તાગ મેળવીને કાર્યવાહી આગળ વધારવામાં આવે એ માટે આગામી રવિવારે સિંચાઈ મંત્રી ઈશ્વર પટેલની હાજરીમાં સ્થળ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું છે. સુરતના ધારાસભ્યો, મેયર, સ્થાયી સમિતિના ચેરમેન અને શહેર ભાજપ પ્રમુખ સહિતના આગેવાનો ખાડી વિસ્તારની મુલાકાત લેશે. આ દરમિયાન ખાડીના સાંકડા વિસ્તારો, દબાણો અને ડ્રેજિંગની જરૂરિયાત અંગે સ્થળ પર સમીક્ષા કરવામાં આવશે.

ઝીંગા તળાવોનાં દબાણો દૂર કરવા સિંચાઈ વિભાગને ડિસેમ્બર સુધીની મહેતલ

સિંચાઈ વિભાગ દ્વારા ઝીંગા તળાવોનાં દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે, હવે ખજોદથી ઉપરના વિસ્તાર સુધીનાં તમામ ઝીંગા તળાવોનાં દબાણો આગામી ડિસેમ્બર સુધીમાં દૂર કરવા સૂચના આપવામાં આવી છે. આ કામગીરીમાં સિંચાઈ વિભાગની સાથે કલેક્ટર તંત્ર અને સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ પણ જોડાશે.

સંક્ષિપ્ત સમાચાર

BOBએ સુરતમાં SMELF શાખા અને SME રિંગ રોડ શાખાના નવા પરિસરનું ઉદ્ઘાટન કર્યું

સુરત: ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક, બેંક ઓફ બરોડાએ આજે સુરત શહેરમાં તેની અત્યાધુનિક "SMELF શાખા અને SME રિંગ રોડ શાખા" ના નવા પરિસરનું બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર લલિત ત્યાગી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, લલિત ત્યાગીએ બેંકના ગ્રાહક-કેન્દ્રિત અભિગમ, શ્રેષ્ઠ બેંકિંગ સેવાઓ અને વ્યવસાયિક શ્રેષ્ઠતા પર પ્રકાશ પાડ્યો. ઉદ્ઘાટન સમારોહમાં કે.કે. ઉપસ્થિત રહ્યા હતા. સિંઘ, જનરલ મેનેજર અને ઝોનલ હેડ, બેંક ઓફ બરોડા સુરત ઝોન, નિર્મલ પટેલ, ડેપ્યુટી જનરલ મેનેજર (કમ્પ્લાયન્સ અને એશ્યોરન્સ), ભરતકુમાર ચાવડા, ડેપ્યુટી જનરલ મેનેજર (બિઝનેસ ડેવલપમેન્ટ), મુકેશ નવલ, ડેપ્યુટી જનરલ મેનેજર અને ઝોનલ હેડ, સુરત સિટી ઝોન, ઉપરાંત બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

દાઉદી વહોરા સમાજના સુધારાવાદી યુનુસ બાલુવાલા જન્નતનશીન

સુરતઃ દાઉદી વહોરા સમાજનાં સુધારાવાદી યુનુસભાઈ બાલુવાલા ગત તા.10મી ઓક્ટો.ના રોજ જન્નતનશીન થયા હતા. યુનુસભાઈ દાઉદી વહોરા જમાત બોમ્બેના અને સેન્ટ્રલ બોર્ડ દાઉદી વહોરા કોમ્યુનિટીના ખજાનચી હતાં. શિરીનબાઈ કલીમુદ્દીન બાલુવાલા મેમોરીયલ ટ્રસ્ટના પ્રમુખ હતાં. તેઓ ખૂબ સેવાભાવી હતાં. ગત તા.13મી ઓક્ટો.ના રોજ યુનુસભાઈ બાલુવાલાના ઇસાલેસવાબ માટે યાસીનશરીફ પઢવાનો અને સદકલ્લાનો પ્રોગ્રામ જેહરાબેન સાયકલવાલાના સુરતમાં મુગલીસરા ખાતે આવેલા ફ્લેટમાં સાંજે ૫:૦૦ કલાકે રાખવામાં આવ્યો હતો. જેહરાબેને મર્હુમ યુનુસભાઈના સંઘર્ષમય જીવન પર પ્રવચન કર્યું હતું.

ચેક રિટર્નમાં નીચલી કોર્ટનો ચુકાદો ઉપલી કોર્ટે યથાવત્ રાખ્યો

સુરતઃ ચેક રીટર્ન કેસમાં, સુરતની કોર્ટે આરોપી તરુણકુમાર પાંડેને તક્સીરવાર ઠેરવી ૬ માસની કેદ, વ્યાજ સહીત વળતર અને જો રકમ ન ચૂકવાય તો વધુ ૧ માસની કેદની સજા ફટકારી હતી. ઉપરાંત, કોર્ટમાં હાજર ન રહેવાને કારણે જેલ વોરંટ ઇસ્યુ કર્યું હતું. આ ચુકાદા સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં ક્રિમિનલ અપીલ કરી હતી. જેમાં ફરિયાદી અજય મુકેશકુમાર પટેલ તરફથી એડવોકેટ સાગર ડી. પટેલે મજબૂત પુરાવાઓ અને ધારદાર રજૂઆતો કરી હતી. સમગ્ર દલીલોને ધ્યાને લઈને સેશન્સ કોર્ટે આરોપીની અપીલ ફગાવી દીધી હતી અને નીચલી અદાલતનો સજાનો હુકમ યથાવત્ રાખી આરોપીના જામીન નામંજૂર કર્યા હતા તથા કસ્ટડી સંબંધિત જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર યુવા શાસ્ત્રીય સંગીત સભા

સુરતઃ શાસ્ત્રીય સંગીતના યુવાન કલાકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા યુવા શાસ્ત્રીય સંગીત સભાનું આયોજન તા. ૧૦.૧૦.૨૦૨૬ ના રોજ વજુભાઈ ટાંક હોલમાં થયું હતું. આ કાર્યક્રમમાં સમૂહ વાંસળીવાદન સંગીતા જૈન, હેમાંક્ષી દોમડીયા અને નંદિની કામતે કર્યું હતું. સમૂહ સિતારવાદન શચી બિયાની, વૃંદા જગ્ગા, માયરા શ્રીવાસ્તવ, રુદ્ર સુરતી, સહર્ષ જુનેજા દ્વારા કરવામાં આવ્યું. ઈશાન શાસ્ત્રીએ તબલાવાદન અને આલાપ શાસ્ત્રીએ શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિ કરી હતી. સંગીત સભામાં તબલા પર અભિજ્ઞ શાસ્ત્રી અને હાર્મોનિયમ પર વશિષ્ઠ શાસ્ત્રી અને આકાશ શાસ્ત્રીએ સંગત આપી હતી. રૂપીન પચ્ચીગર, આશિષ શાસ્ત્રી, ભરત ભાવસાર, ડો. દિલીપ શાસ્ત્રી, સુધીર ચાર્દી અને હિમાંશુ ભટ્ટે ઉપસ્થિત રહી કલાકારોને પ્રોત્સાહન પુરૂં પાડ્યું હતું.

SUMCO બેંકને SCOBA પ્રાઇડ એવોર્ડનાં બે સન્માન

સુરતઃ ધ સુરત મર્કન્ટાઇલ કો-ઓપરેટિવ બેંક લિ. (SUMCO)ને મનાલી ખાતે યોજાયેલા ૧૮મા SCOBA પ્રાઇડ એવોર્ડ્સ-૨૦૨૬માં લાર્જ બેંક કેટેગરી હેઠળ બે પ્રતિષ્ઠિત સન્માન મળ્યાં છે. બેંકને નફાકારકતાના સુવ્યવસ્થિત સંચાલન માટે વિજેતા અને જનસંપર્ક તથા સામાજિક પ્રવૃત્તિઓ માટે રનર-અપનો ખિતાબ પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સ્ટાફ અને કર્મચારીઓની મહેનત તથા સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. આ પ્રસંગે ભરતભાઈ વાણાવાલા ઉપસ્થિત રહ્યા હતા.

મલ્હાર પરિવાર દ્વારા મેગા શો શામે મલ્હાર યોજાયો

સુરતઃ સુરત શહેરના સંગીત જગતમાં અત્યંત જાણીતા અને જૂના 'મલ્હાર ગ્રુપ' દ્વારા તા.૩જીના રોજ શનિવારે દાંડી રોડ સ્થિત 'ક્રિશા સ્ટુડિયો' ખાતે એક ભવ્ય મ્યુઝિકલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સભ્યો દ્વારા ૩૦ જેટલા ગીતોની રજૂઆત કરવામાં આવી હતી. ગ્રુપના એડમીન કેતન દેસાઈ દ્વારા આગામી નવરાત્રીના પર્વને ધ્યાનમાં રાખીને ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં એસીપી આરઆર આહીર હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મલ્હાર પરિવારના હિતેચ્છુ સ્વ. કમલેશભાઈ પારેખના દુઃખદ અવસાનની નોંધ લેવામાં આવી હતી. સંચાલન એડમીન્સ મનહર ચૌહાણ, કેતન દેસાઈ, મનીષ ચાવડા, ધર્મેશ મિસ્ત્રી, નિખિલ શેઠ, ઉમેશ રામવાલા, ફારૂક શેખ અને ભૂપેન્દ્ર બચકાનીવાળા દ્વારા કરવામાં આવ્યું હતું.

પંચમ્ ગ્રુપનો કિશોરકુમાર અને કુમાર સાનુનાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૮૬મો ગાયક કિશોર કુમાર અને કુમાર સાનુના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ ૧૧મી ઓક્ટોબરના રવિવારે સ્વરાંગન સ્ટુડિયો, પાલ, સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, મિનેશ જૈન, રીમા શર્મા, શીતલ વકીલવાળા, અનિલ મિસ્ત્રી, શ્રીરામ કર્ણિક, નેધ્ય શુક્લા, શ્લોક શુક્લા, આશિષ દારૂવાલા, ચિતેશ પટેલ, શીતલ મેહતા, અરવિંદ આપ્ટે, જીતેન્દ્ર પટેલ અને જેસિકા શાહે કિશોર કુમાર અને કુમાર સાનુના ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. સંચાલન રીમા શર્મા અને શીતલ વકીલવાળાએ કર્યું હતું.